| | |
|---|---|
| રજુ તારીખ | ૨૪/૦૫/૨૩ |
| દાખલ તારીખ | ૨૪/૦૫/૨૩ |
| ફેસલ તારીખ | ૧૧/૦૭/૨૩ |
| સમયગાળો | |

**અમદાવાદના મહેરબાન એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૮, અમદાવાદ. અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, દાણાપીઠ, અમદાવાદ.**
**ક્રિમીનલ પરચુરણ અરજી નંબર. ૪૧૩૧/૨૩**
**આંક-૧૭**

અરજદાર:- અગ્નિહોત્રી ભાવિક સુરેન્દ્ર, ઉવ.પુખ્ત.
રહેવાસી: સી-૧૧૦૧, ગાલા ગાર્ડનીયા બોપલ, અમદાવાદ.

**વિરુધ્ધ**

સામાવાળા:- ૧. રજીસ્ટ્રારશ્રી, જન્મ મરણ વિભાગ,
અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, અમદાવાદ.

**વિષય:- જન્મ મરણ અધિનીયમની કલમ:૧૩(૩) મુજબ મરણની નોંધણીનો હુકમ મેળવવા બાબત.**

અરજદાર તરફે વિ.વકીલશ્રી સંજય બી. મોદી.

સામાવાળા તરફે વિ.વકીલશ્રી કોઈ નથી.

૧. અરજદારે હાલની અરજી જન્મ – મરણ નોંધણી અધિનીયમની કલમ: ૧૩(૩) હેઠળ તેમના માતા નામે અગ્નિહોત્રી પ્રીતીબેન સુરેન્દ્રભાઈ ના મરણ ની નોંધ કરાવવા માટે દાખલ કરેલ છે. અરજદારે અરજીમા એવી હકીકતો જણાવેલ છે કે, તેમનુ મરણ તારીખ :–૧૩–૦૧–૨૦૨૦ ના રોજ ૧૬–૧૭૮, પુજન એપાર્ટ, જીવરાજ મહેતા રોડ, વાસણા વોર્ડ, અમદાવાદ મુકામે થયેલ હતુ અને તેમના મરણની અંતીમ વિધી એલીસબ્રીજ સ્મશાનગૃહ, એલીસબ્રીજ, અમદાવાદ મુકામે કરવામા આવેલ, અને જે તે વખતે તેઓની શરતચુકના કારણે તેમના મરણ અંગેની નોંધ જન્મ –મરણ નોંધણી અન્વયે સામાવાળાના રેકર્ડમા કરાવવાની રહી ગયેલ છે, અને હાલ તેમના મરણના દાખલાની જરુરીયાત ઉપસ્થીત થતા હાલની અરજી તેમના મરણની નોંધ કરાવવા માટે આપેલી છે. અરજદારે અરજીમા તેમના માતાના મરણની વિગતો નીચે મુજબ આપેલ છે.

| | | |
|---|---|---|
| મરનારનુ નામ | :– | અગ્નિહોત્રી પ્રીતીબેન સુરેન્દ્રભાઈ |
| મરણ તારીખ | :– | ૧૩–૦૧ –૨૦૨૦ |
| મરણ સ્થળ | :– | ૧૬–૧૭૮, પુજન એપાર્ટ, જીવરાજ મહેતા રોડ, વાસણા વોર્ડ, અમદાવાદ |
| અંતીમવિધી સ્થળ | :– | એલીસબ્રીજ સ્મશાનગૃહ, એલીસબ્રીજ, અમદાવાદ |

૨. આમ, ઉપરોકત મુજબની વિગતો હોય અને જે તે વખતે તેમના મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય તેથી સામાવાળા અરજદારના માતાના મરણની નોંધ કરી મરણનો દાખલો કાઢી આપે તેવી દાદ અરજદારે માંગેલ છે.

૩. આ અરજી દાખલ થતા અરજી રજીસ્ટરે નોંધવામા આવેલ છે, અને અરજી અરજદારના પુરાવા માટે રાખવામાં આવેલ છે. અરજદારે પોતાની અરજીના સમર્થનમા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

## અરજદાર તરફે રજુ થયેલ પુરાવાઓ

### –: મૌખીક પુરાવો :–

| અ. નં | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારની સરતપાસની એફીડેવીટ | ૧૦ |
| ૨ | સાહેદ રૂપલ સુરેન્દ્ર અગ્નિહોત્રીની સરતપાસની એફીડેવીટ | ૧૧ |
| ૩ | સાહેદ હંસા જીતેન્દ્ર ઓઝાની સરતપાસની એફીડેવીટ | ૧૨ |
| ૪ | સાહેદ કાશ્મીરા દિપક દવેની સરતપાસની એફીડેવીટ | ૧૩ |

### –: દસ્તાવેજી પુરાવો :–

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અમદાવાદ મ્યુ. કોર્પો. ના જન્મ–મરણ નોંધણી વિભાગનુ નો રેકર્ડ સર્ટીફીકેટ | ૪ |
| ૨. | સ્મશાનની પહોંચ | ૬ |
| ૩ | તા.૨૭/૦૫/૨૩ના નિર્મળ ગુજરાતની પ્રસીધ્ધ જાહેર નોટીસ | ૯ |
| ૪ | સ્મશાનના મરણ નોંધણી રજીસ્ટર ના ઉતારાની નકલ. | ૧૫ |

ત્યારબાદ, અરજદારે આંક–૧૬ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે.

૪. આ અરજી ઈન્કવાયરી સ્વરુપની હોય જેથી અરજદારે જે સરતપાસનુ સોગંદનામુ આપેલ છે, તે પણ સી. આર. પી.સી. ની કલમ: ૨૯૬ હેઠળ ગ્રાહય હોય જેથી તેને ધ્યાને લેવામા આવે છે.

૫. આ કામે અરજદારના રજુ થયેલ પુરાવા જોતા આંક–૪ થી રજુ થયેલ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન ના જન્મ – મરણ નોંધણી વિભાગના નો રેકર્ડ સર્ટીફીકેટ મુજબ અરજદારના માતાના મરણની નોંધણી સામાવાળાના રેકર્ડમા થયેલ નથી તેવુ ફલિત થાય છે અને આ કામે આંક – ૬ સ્મશાનની પહોંચ અને આંક–૧૫ થી મરણ નોંધણી રજીસ્ટરના ઉતારાની નકલ રજુ થયેલ છે જે વંચાણે લેતા, આ કામે અરજદારના માતાના મરણ બાદ તેમની અંતીમ વિધી એલીસબ્રીજ સ્મશાનગૃહ, અમદાવાદ મુકામે કરવામા આવેલ છે, તેવુ ફલિત થાય છે. અને આ કામે આંક–૯ થી જાહેર નોટીસ રજુ થયેલ છે અને તે જાહેર નોટીસના કામે કોઈ વાંધા તકરાર રજુ થયેલ નથી અને કાયદા મુજબ મરણ નોંધણી સામાવાળાના સરકારી રેકર્ડમા કરાવવી જરુરી છે અને આ કામે અરજદાર તથા અરજદારના સાહેદોના જે પુરાવા રજુ કરેલ છે તે પુરાવાની હકીકતે અરજદારના માતા નુ અવસાન તારીખ:–૧૩–૦૧–૨૦૨૦ ના રોજ થયેલ હોવાનુ જણાઈ આવે છે તે સંજોગોમા અરજી મંજુર થવાને પાત્ર જણાતી હોય, ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**:: હુ ક મ ::**

અરજદારની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

આ કામના સામાવાળાને એવો આદેશ કરવામાં આવે છે કે, અરજદારના

માતાના મરણની નીચે મુજબની વિગતો હોય તે મુજબની વિગતો નોંધી જરુરી લેઈટ ફી વસુલ લઈ અરજદારના માતાના મરણની નોંધ કરી મરણનો દાખલો કાઢી આપવો.

| | | |
|---|---|---|
| મરનારનુ નામ | :- | અગ્નિહોત્રી પ્રીતીબેન સુરેન્દ્રભાઈ |
| મરણ તારીખ | :- | ૧૩-૦૧ -૨૦૨૦ |
| મરણ સ્થળ | :- | ૧૬-૧૭૮, પુજન એપાર્ટ, જીવરાજ મહેતા રોડ, વાસણા વોર્ડ, અમદાવાદ |
| અંતીમવિધી સ્થળ | :- | એલીસબ્રીજ સ્મશાનગૃહ, એલીસબ્રીજ, અમદાવાદ |

આ હુકમની યાદી સામાવાળાને કરવી.

આજરોજ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૩
અમદાવાદ.

(વનરાજ ચૌધરી)
ઈ.ચા. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૮, અમદાવાદ.
જજકોડ નં.જીજે-૦૦૮૧૫